सत्यमेव जयते

કેસ દાખલ તારીખઃ 18/02/2016
રજી.થયા તારીખઃ 18/02/2016
ફેસલ કર્યા તારીખઃ 04/05/2019
સમય ગાળોઃવર્ષ ... માસ .... દિવસ ....

| |
|---|
| અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ<br>નંબરઃ૦૯માં.,મુ.અમદાવાદ |

ફો.કે.નંબરઃ ૧૦૨/૨૦૧૬.
આંક-..

ફરીયાદીઃ- શ્રી સરકાર.
( હેતલબેન વા/ઓ ધર્મેન્દ્રભાઈ જાની )

**વિરૂદ્ધ.**

આરોપીઃ- (૧) હીનાબેન વા/ઓ કુમારપાળ શાહ.
(૨) શ્રદ્ધાબેન ડો/ઓ કુમારપાળ શાહ.
(૩) પુજાબેન ડો/ઓ કુમારપાળ શાહ.
(૪) કુમારપાળ ચીનુભાઈ શાહ.
તમામ રહે- બી/૪ પ્રેમકુંજ સોસાયટી, મીરામ્બીક સ્કુલ નારણપુરા, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી કે.વી. ઉપાધ્યાય.
આરોપી તરફે વિ.વ.શ્રી આર.એસ.જોષી.

---

ગુનો- ઈ.પી.કો. કલમઃ ૩૨૪, ૩૨૩, ૪૫૨, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી એક્ટની કલમ ૧૩૫(૧) મુજબ.

---

.

-ઃ જજમેન્ટ ઃ-

(૧) ફરિયાદપક્ષનાં કેસની ટુકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ ફરિયાદી સાથે બોલાચાલી અને ઝગડો કરી ફરિયાદીના ઘરમાં પ્રવેશ કરી ફરિયાદીના સાસુ સવિતાબેનને આરોપી નંબર-૪ નાએ લોખંડનો સળીયો માથામાં મારી ઈજા કરી તેમજ આરોપી નબંર-૧,૨,૩ નાઓએ બિભત્સ શબ્દોમાં ગાળો બોલી છુટા હાથની મારા મારી કરી આરોપીઓએ ગુનામા એકબીજાની મદદગારી કરી મે.પો.કમિશ્નરના જાહેરનામાનો ભંગ કરેલ. જે અંગેની ફરિયાદ ફરિયાદીએ સંબંધિત પો.સ્ટે.માં નોંધાવતા, સદર ફરિયાદ નોંધી લેવામાં આવેલ અને ફરિયાદ તપાસ કરનાર અમલદારને તપાસ કરવા માટે ડેપ્યુટ થતાં, તપાસ કરનાર અમલદાર દ્વારા ફરિયાદ અન્વયે તપાસ કરેલ, જેમાં આરોપી સામે તપાસ કરતાં, પુરતો પુરાવો મળી આવતા, તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે ઈ.પી.કો કલમઃ ૩૨૪, ૩૨૩,૪૫૨, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પીએક્ટની કલમ ૧૩૫(૧) મુજબનાં ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી સામે વિધિસર સમન્સની બજવણી થતાં, આરોપી હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૦૭ અન્વયે આરોપીને તપાસ અન્વયેનાં પોલીસ દસ્તાવેજો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે,ત્યારબાદ આંક-૦૩ થી તહોમતનામુ ફરમાવેલ અને આંકઃ ૦૪ થી ૦૭ આરોપીઓનું નિવેદન નોંધતા, આરોપીઓ દ્વારા ગુનાનો ઈન્કાર કરવામાં આવેલ અને ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે પુરાવો રજુ કરવામાં આવેલો.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| 1 | હેતલબેન ધર્મેન્દ્રભાઈ જાની(ફરિયાદી)ની જુબાની | 13 |
| 2 | ધર્મેન્દ્રભાઈ કૃપાશંકર જાનીની જુબાની | 19 |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| 1 | ફરીયાદ | 14 |
| 2 | ઈજાનું પ્રમાણપત્ર | 16 |
| 3 | બનાવવાળી જગ્યાનું પંચનામું | 17 |
| 4 | જાહેરનામાની ઝેરોક્ષ | 18 |

(૪) ઉપર મુજબનો પુરાવો પૂરો થયા બાદ ફરિયાદપક્ષે આંક-૨૦ ની પુરસીસથી પુરાવા બંધની જાહેરાત કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામે એફ.એસ. લાયક પુરોવો હોય, તેઓના ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે વધારાનાં નિવેદન નોંધવામાં આવેલ. ત્યારબાદ સરકાર પક્ષ તરફે તથા આરોપીઓ તરફે દલીલ કરવામાં આવેલ.

(૫) સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો તેમજ રેકર્ડ ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૪(૧)(બી) અન્વયે ન્યાયીક નિર્ણય અર્થે નિચે મુજબનાં મુદ્દા ઉત્પન્ન થાય છે.

**-૦ મુદ્દા ૦ -**

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ફરિયાદી સાથે બોલાચાલી અને ઝગડો કરી ફરિયાદીના ઘરમાં પ્રવેશ કરી ફરિયાદીના સાસુ સવિતાબેનને આરોપી નંબર-૪

નાએ લોખંડનો સળીયો માથામાં મારી ઈજા કરી તેમજ આરોપી નબંર–૧,૨,૩ નાઓએ ગાળો બોલી છુટા હાથની મારા મારી કરી આરોપીઓએ ગુનામા એકબીજાની મદદગારી કરી મે.પો.કમિશ્નરના જાહેરનામાનો ભંગ કરેલ તેમ કરી આરોપીઓ દ્વારા ભારતીય દંડસહિંતાની કલમઃ ૩૨૪, ૩૨૩,૪૫૨, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પીએક્ટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ?

(૨) શું હુકમ ?

(૬) ઊપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ–**

મુદ્ધા નંબરઃ–૧.

(૭.૧) ફરિયાદપક્ષની હકીકત અન્વયે આરોપીઓએ ફરિયાદી સાથે બોલાચાલી અને ઝગડો કરી ફરિયાદીના ઘરમાં પ્રવેશ કરી ફરિયાદીના સાસુ સવિતાબેનને આરોપી નંબર–૪ નાએ લોખંડનો સળીયો માથામાં મારી ઈજા કરી તેમજ આરોપી નબંર–૧,૨,૩ નાઓએ બિભત્સ શબ્દોમાં ગાળો બોલી છુટા હાથની મારા મારી કરી આરોપીઓએ ગુનામા એકબીજાની મદદગારી કરી મે.પો.કમિશ્નરના જાહેરનામાનો ભંગ કરેલ તેમ કરી આરોપીઓ દ્વારા ભારતીય દંડસહિંતાની કલમઃ ૩૨૪, ૩૨૩,૪૫૨, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પીએક્ટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ જે મતલબનું તહોમતનામું ફરમાવવામાં આવેલ.

(૭.૨) સદર કામ અન્વયે આંક–૧૨ થી હેતલબેન ધર્મેન્દ્રભાઈ જાની નાઓ દ્વારા જણાવેલ છે કે, બનાવ તારીખ ૩૦.૯.૨૦૧૫ ના રોજ સાંજના ચાર વાગ્યાની આસપાસ નાસુમારે અમારા ઘર પાસે બનેલ હતો અમારે તથા આરોપીઓના મકાન વચ્ચે કોમન સીડી હતી આથી તે બાબતે અમારે આ બનાવના અરસામાં મતભેદ ચાલતા હતા આથી અંદરો અંદર એક બીજા ઉપર ક્રોસ કેસ થયા છે બનાવમાં સવીતાબેનને સામાન્ય ઈજા થયેલ હતી આ ઈજા કેવી રીતે થયેલ હતી તે મને ખ્યાલ નથી. આથી બનાવની ફરિયાદ આપેલ. સદર કામે ફરિયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે તેમજ વધુમાં જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે મે મારી પોલીસ ફરિયાદમાં એમ લખાવેલ છે કે, આ કામના આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ને બિભત્સ ગાળો બોલીને ભાડુઆત ને કોમન સીડી નો ઉપયોગ નહી કરવા દઈએ તેમ કહી કુમારપાળ એ દુકાનમાથી નાનો સળીયો લાવી મારી સાથે ઝપા ઝપા કરતા મારા સાસુ વચ્ચે પડતા તેમને માથાના ભાગે સળીયાથી ઈજા કરેલ અને તેમની દિકરીઓએ આવી ને મારી સાથે છુટા હાથની મારા મારી કરેલ અને ઘરની ચીજ વસ્તુઓ વેર વીખેર કરીને તોડી નાખેલ હતી તેમજ તેઓ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, જેતે સમયે સામાન્ય મતભેદ થતા અંદરો અંદર એકબીજા પર કેસ થયેલ હતા. એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી સીવાય બીજુ કાઈ બનેલ ન હતુ.

(૭.૩) સદર કામે આંક–૧૯ થી ધર્મેન્દ્રભાઈ કૃપાશંકર જાની નાઓ દ્વારા જણાવેલ છે કે, બનાવ તારીખ ૩૦.૯.૨૦૧૫ ના રોજ સાંજના ચાર વાગ્યાની આસપાસ નાસુમારે અમારા ઘર પાસે બનેલ હતો અમારે તથા આરોપીઓના મકાન વચ્ચે

કોમન સીડી હતી આથી તે બાબતે સામાન્ય બહોલાચાલી થયેલ આ બનાવમાં મારા મમ્મી સવીતાબેન ને સામાન્ય ઈજા થયેલ હતી આ ઈજા કેવી રીતે થયેલ તે મને ખ્યાલ નથી. તે સીવાય બીજુ કાઈ બનેલ નથી. તેમજ તેઓ ઉલટતપાસમાં જણાવેછે કે, એ વાત ખરી છે કે, જેતે સમયે સામાન્ય મતભેદ થતા અંદરો અંદર એકબીજા પર કેસ થયેલ હતા. એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી સીવાય બીજુ કાઈ બનેલ ન હતુ.

(૮) સદર કામે ફરિયાદી ના સાસુ સવિતાબેન નું મરણ થયેલા નું ફરિયાદી ની જુબાની માં જણાય આવે છે. હાલના કામે ફરિયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા સારુ ફરિયાદી તેમજ સાહેદો દ્વારા સોગંદપર જુબાની આપેલ છે જેમા તેઓએ બનાવની સમગ્રહકીકતનો ઈન્કરા કરેલ છે તેમજ આરોપીઓ દ્વારા કોઈ ધમકી આપેલ હોય કે આરોપી ઓ દ્વારા માર મારેલ હોય તેવી તમામ હકીકતનો ફરિયાદી તેમજ સાહેદો દ્વારા ઈન્કાર કરેલ છે તેમજ ઉલટતપાસમાં જણાવેલ છે કે, આરોપીઓ સાથે માત્ર સામાન્ય બાબતે બોલાચાલી થયે તે સીવાય કઈ બનેલ નહી. જે ધ્યાને લેતા આરોપીઓ દ્વારા સદરગુનો કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી ન થી જેથી સદર કામે આરોપીઓને સદર ગુનાના કામે દોષીત ઠરાવી શકાય નહિ. જેથી આ કામના આરોપીઓ દ્વારા ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૪, ૩૨૩,૪૫૨, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પીએક્ટની કલમ ૧૩૫(૧) ની વ્યાખ્યા મુજબનો ગુનો કરેલ હોય તેમ પુરવાર થતુ નથી જે સંજોગોમાં મુદ્દાનંબર-૧ નો નિર્ણય નકારમાં આપવામા આવે છે.

ઉપર મુજબની હકીકત, કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર કરી શકેલ ન હોય જે અન્વયે મુદ્દા નં.૨ અન્વયે નિચે

મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## ::::હુકમ::::

(૧) આરોપી નં. (૧) હીનાબેન વા/ઓ કુમારપાળ શાહ. (૨) શ્રદ્ધાબેન ડો/ઓ કુમારપાળ શાહ.(૩) પુજાબેન ડો/ઓ કુમારપાળ શાહ. (૪) કુમારપાળ ચીનુભાઈ શાહ. તમામ રહે- બી/૪ પ્રેમકુંજ સોસાયટી, મીરામ્બીક સ્કુલ નારણપુરા, અમદાવાદ. નાઓને ભારતીય દંડ સંહિતાની કલમઃ ૩૨૪, ૩૨૩,૪૫૨, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પીએક્ટની કલમ ૧૩૫(૧) મુજબ ના ગુનામાથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓને છોડીમુક્વામાં આવેલ હોય જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭-ક મુજબ અપીલ સમય બાબતનાં જામીન તેમજ જાતમુચરકા રજુ કરવા. જો આરોપી દ્વારા તે મજુબ જામીન રજુ કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન આપવામાં આવેલ જામીન ચાલુ રાખવા

(૩) બિનકીમતી મુદામાલ નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો**

**તારીખઃ ૦૪/૦૫/૨૦૧૯**

**મુ.અમદાવાદ**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**Kalpesh Sonara, P.A.**

.